# બનાસકાંઠા જિલ્લાના તાલુકા પ્રમુખોની થયેલ નિયુક્તિ

પાલનપુર, તા. ૨૩

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકા પ્રમુખોની આજે તાલુકા મથકોએ યોજાયેલ સંમેલનોમાં નિયુક્તિ કરવામાં આવી હતી જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| પાલનપુર શહેર | અનિકેત જી. ઠાકર |
| પાલનપુર તાલુકો | દિનેશભાઈ મનવર (પટેલ) |
| ધાનેરા શહેર | રમેશભાઈ બી. તુવર |
| ધાનેરા તાલુકો | જગદીશભાઈ કેવદાસ પટેલ |
| થરા શહેર | જીતેન્દ્રકુમાર ભોગીલાલ ઠક્કર |
| કાંકરેજ તાલુકો | ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ |
| દાંતા તાલુકો | ગલબાજી ધારાજી વાઘેલા |
| અમીરગઢ તાલુકો | સંજીવકુમાર પ્રેમચંદ જૈન |
| થરાદ તાલુકો | ઉમેદસિંહ હમીરસિંહ ચૌહાણ |
| ડીસા શહેર | ડૉ. દિનેશભાઈ પટેલ |
| ડીસા તાલુકો | ગીરીશભાઈ દેસાઈ |
| દાંતીવાડા તાલુકો | બાબુબાઈ મોદી |
| વડગામ તાલુકો | પ્રેમજીભાઈ ભૂતડીયા |
| દિયોદર તાલુકો | પરાગભાઈ જોષી |
| વાવ તાલુકો | વિરજીભાઈ ધર્માભાઈ પટેલ |
| ભાભર શહેર | બાકી |
| ભાભર તાલુકો | જીવણગર હિરાગર ગૌસ્વામી |
| થરાદ શહેર | બાકી |
| સુઈગામ તાલુકો | નરસિંહભાઈ ભાટા (બ્રાહ્મણ) |
| લાખણી તાલુકો | અગરાજી વાઘેલા |

અત્રે ઉલ્લેખનીય છે કે વાવ થરાદ અને દાંતીવાડાના પ્રમુખોને યથાવત રખાયા છે.

## ધનસુરામાં જી.આઈ.ડી.સી. શરૂ કરવાની માગણી

ધનસુરા, તા. ૨૩

ધનસુરા તાલુકો અસ્તિત્વમાં આવ્યા પછી તાલુકામાં સરકારી કચેરીઓ, બેન્કો શરૂ થઈ નથી. માત્ર કવૉરી ઉદ્યોગ ચાલે છે. જેથી જીઆઈડીસી શરૂ કરવાની માગણી છે. ગ્રામપંચાયતે જમીન આપવાની પણ મંજૂરી આપેલ છે. પરંતુ કયા કારણોસર જીઆઈડીસી શરૂ કરવામાં આવતું નથી. તે સમજમાં આવતું નથી. બેરોજગારોની સંખ્યા તાલુકામાં વધતી જાય છે. સત્વરે જીઆઈડીસી શરૂ કરવાની લોકલાગણી પ્રવર્તે છે.

## બાઈક સાથે કૂતરૂં ભટકાતાં દંપતિ ઘાયલ

ધનસુરા, તા. ૨૩

ધનસુરા અંકુર સોસાયટીમાં રહેતા દિનેશભાઈ પટેલ અને તેમનાં પત્ની કાન્તાબેન રાતના સુમારે મોડાસાથી બાઈક પર ધનસુરા આવતા હતા ત્યારે રોડ ઉપર એકાએક કૂતરૂં બાઈક સાથે ભટકાતાં બાઈક ચાલક દંપતિ રોડ પર પડી જતાં ઘાયલ થયેલ હતું. રેફરલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. પાછળ આવતા ટ્રક ચાલકે જોરદાર બ્રેક મારતાં આબાદ બચાવ થયો હતો.

## ધનસુરા કૉલેજમાં શુભેચ્છા સમારંભ યોજાયો

આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ધનસુરામાં ટીવાબીએ/બી.કોમ.નાં વિદ્યાર્થીઓ, વયમર્યાદાનાં કારણે સેવિકા શ્રીમતી વાલીબેન પ્રજાપતિનો નિવૃત્તિ સમારંભ યોજાયો હતો.

કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં હતા.

કૉલેજના ટ્રસ્ટી અને સમારંભના અધ્યક્ષ જે.બી. શાહ એ આર્શીવચન આપ્યાં હતા. ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. સંચાલન પ્રા. પારૂલબેન સોની, ડૉ. ગોપાલભાઈ પટેલ, સી.આર. પટેલે કરેલ હતું.

# પાલનપુર સીમલાગેટ ભરચક વિસ્તારમાં પાર્કિંગ વગર બનતું નવિન બાંધકામ

પાલનપુર, તા. ૨૩

પાલનપુર નગરપાલિકામાં નવિન બાંધકામોના કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે. જેમાં પાલિકા દ્વારા નવિન બાંધકામોની મંજુરીઓ આપી દેવાય છે. નકશા-પ્લાન પ્રમાણે પણ એ પ્રમાણેનું કામકાજ થાય છે કે કેમ તેની સત્તાધીશો બાંધકામના સમયમાં કોઈ દુર્ઘટના સર્જાય અથવા કોઈ શ્રમીકનું મોત નિપજે ત્યારે ભારે હોબાળો સર્જાય છે. અને ક્ષતિ દેખાતાં મનાઈહૂકમ આપી કડક કાર્યવાહી કરાવાય છે. તો મંજુરી આપ્યા બાદ કેમ તપાસ કરવામાં આવતી નથી.

શહેરના સીમલાગેટથી રેલવે સ્ટેશન જવાના માર્ગ પર શહેરનો સૌથી વધુ ભરચક માર્ગ છે. જે માર્ગ ઘણા સમયથી ટ્રાફીકની સમસ્યાનો સળગતા પ્રશ્નનો ઉકેલ કરાવાતો નથી. ત્યાં જ નગરપાલિકા દ્વારા રોયલ પ્લાઝા નામના નવિન બનતા કોમ્પલેક્ષને મંજુરી આપેલ છે. જેનું બાંધકામ પુરજોશમાં જાહેરમાર્ગ પર જ ચાલી રહ્યુ છે. ઉપરોક્ત બનતા કોમ્પલેક્ષને પણ પાર્કિંગની કોઈજ વ્યવસ્થા સ્થળ પર દેખાતી નથી તો આ કોમ્પલેક્ષ બન્યા બાદ બની રહેલ નવા કોમ્પલેક્ષની દુકાનો આગળ ગ્રાહકોના વાહનો ક્યાં પાર્ક કરાશે અને ટ્રાફીક ચક્કાજામ સર્જાશે. ઉપરોક્ત બનતા કોમ્પલેક્ષની પાર્કિંગ વગર મંજુરી કેવી રીતે અપાઈ તે બાબતે અનેક તર્કવિતર્કો થવા લાગ્યા છે.


(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુર શહેર અને તાલુકા ભાજપા પ્રમુખની વરણી કરાઈ

બનાસકાંઠા જિલ્લા ભાજપાના શહેર અને તાલુકા પ્રમુખોની સમય મર્યાદા પૂર્ણ થતાં ગતરોજ ગોબરી રોડ પાલનપુર ખાતે આવેલ ઠાકોર સમાજની આદર્શ નિવાસી શાળા ખાતે ભાજપાના આગેવાનો અને કાર્યકરોની મોટી સંખ્યાની હાજરીમાં નિમણુંક કરવામાં આવી હતી.

બનાસકાંઠાના પ્રભારી ભરતભાઈ રાજગોર પૂર્વ પાલનપુર ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ ભાજપાના અગ્રણી કાન્તિભાઈ કચોરીયા, પાલનપુર પાલિકા પ્રમુખ મહેશ ઠકકર, હર્ષાબેન-ઉપપ્રમુખ હસમુખ પઢિયાર સહિત મોટી સંખ્યામાં શહેર-તાલુકાના આગેવાનોની હાજરીમાં શહેર ભાજપાના પ્રમુખ તરીકે અનીકેત ઠાકરની નિમણુંક કરવામાં આવી હતી જયારે તાલુકા ભાજપા પ્રમુખ તરીકે દિનેશભાઈ બી. પટેલની વરણી કરાતાં તેમને ખેસ પહેરાવીને તમામ આગેવાનો તથા કાર્યકરોએ તેમને વધાવી લઈને અભિનંદન પાઠવ્યા હતા. સપ્તાહથી શહેર ભાજપાના પ્રમુખ માટે અલગ અલગ નામોની ચર્ચાઓએ જોર પકડયું હતું. ગતરોજ ઉપરોકતની વરણી થતાં શહેર ભાજપા અને તાલુકામાં ખુશીની લાગણી વ્યાપી જવા પામી હતી.

## ઈડરના ચાંડપથી મોતીપુરાનો માર્ગ બિસ્માર સ્થાનિકો ત્રાહીમામ

વડાલી, તા. ૨૩

ઈડરથી પશ્ચિમ તરફ આવેલા ચાંડપથી મોતીપુરા સુધીનો ૩ કિ.મી. અંતરનો માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે. આથી દરરોજ આ માર્ગ પર અવર જવર કરતા રાહદારીઓ અને વાહન ચાલકો પરેશાન થઈ ગયા છે. સત્વરે તંત્ર દ્વારા આ મામલે ઘટતું કરી નવો માર્ગ બનાવવા માંગણી કરી રહ્યા છે.

ઈડરથી પશ્ચિમ તરફનો ચાંડપથી મોતીપુરા સુધીનો ૩ કિ.મી. લાંબા માર્ગ પર મેટલ પથ્થરનું પેવર કરીને તૈયાર થયેલ. માર્ગ છેલ્લા ૧૦ મહિનાથી જેમનો તેમ યથાવત છે અને ડામર પાથરી રોડનું કામ પુરું થયું ન હોવાથી પ્રજા હાલાકી ભોગવી રહી છે. આ પરિસ્થિતિને લઈ સ્થાનિકો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકો ભારે પરેશાન થઈ ગયા છે અને તંત્ર સત્વરે આ મામલે રોડનું રીપેરીંગ કામ કરાવે તેવી માંગણી સ્થાનિકો કરી રહ્યા છે.

# પાલનપુરમાંથી ઘરફોડીયો પકડાયો

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠાના પાલનપુર, ડીસા તેમજ કચ્છ અને ગાંધીધામમાં ઘરફોડ ચોરી કરી લોકો તેમજ પોલીસની ઉંઘ હરામ કરનાર ઘરફોડીયો ચોર ઈસમને બાતમીના આધારે પાલનપુર પોલીસના હાથે ઝડપાયો છે. વધુમાં પોલીસે તેને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગૃપ અને ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોએ જણાવ્યા અનુસાર પાલનપુર ડીસા હાઈવે પર આવેલ અરોમા સર્કલ નજીક શટલીયા જીપોના સ્ટેન્ડ નજીક ચોરી કરી તરખાટ મચાવનારો શખ્સ ઉભો હોવાની ચોક્કસ સૂત્રોમાંથી મળેલી બાતમીના આધારે પોલીસ દ્વારા સફળતાથી તેને પકડી લેવામાં આવ્યો હતો. આ ઈસમનું નામ બિપીન ઉર્ફે બંકી અંબાલાલ પ્રજાપતિ રહે. પાટણ, બડાખોટડીનો પાડો પંચાસરા જૈન દેરાસર હોવાનું જણાવાયું હતું. પોલીસ તેની તપાસ કરતા મોબાઈલ (ચોરીનો) લોખંડની કોસ, તેણે ડીસાની ૧૨ જેટલી દિવસે કરેલી ચોરીઓ અને ગાંધીધામમાંથી કરેલી ચોરી કબુલી હતી. તેમ પીએસઆઈ એચ. એમ. ગઢવી એમ.એન. છાયાએ સંયુક્ત રીતે જણાવ્યું હતું.

## હિંમતનગર કોલેજનું ગૌરવ

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત એસ.એસ. મહેતા અને એમ.એન. પટેલ કોલેજની વિદ્યાર્થિની આશાબેન ઘનશ્યામદાસ સિંધીએ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ટી.વાય.બી.કોમ.ની પરીક્ષામાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે અને બે ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત કર્યા છે. જ્યારે ટી.વાય.બી.એ.-અર્થશાસ્ત્ર વિષયમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેળવ્યો હતો.

## ધનસુરામાં વિશ્વ ક્ષય દિન ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના ધનસુરા ખાતે ટીબી યુનિટ દ્વારા ધનસુરા આરોગ્ય કેન્દ્રમાં વિશ્વ ક્ષય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેનાં ટી.વી. રોગ વિષે માહિતી આપવામાં આવી હતી. ટીબી યુનિટ ધનસુરા તથા આરોગ્ય કેન્દ્ર ક્ષય કેન્દ્ર, હિંમતનગર દ્વારા ડૉટ્સ પ્લસની તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એ. આર. રાઠોડ તથા ડોટ્સ પ્લસ સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

# માનવના જીવન ઘડતરનું પ્રથમ પગલું શિક્ષણ છે : રમણલાલ વોરા

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લા પંચાયત



અને જિલ્લા સામાજીક ન્યાય સમિતિના સંયુક્ત ઉપક્રમે હિંમતનગરના ટાઉન હોલ ખાતે અનુસૂચિત જાતિ અને જનજાતિના તેજસ્વી તારલાઓને સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરા તથા અન્ય મહાનુભાવોના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં ખાનગી શાળાઓનો વ્યાપ વધ્યો હોવા છતાં જિલ્લાના મધ્યમ અને ગરીબવર્ગના બાળકોને સસ્તુ અને ગુણવત્તા સભર શિક્ષણ મળી રહે તે દિશામાં સરકાર પગલા લઈ રહી છે. અને આ શિક્ષણ એજ માનવના જીવન ઘડતરનું પ્રથમ પગલું છે.

જ્ઞાન, ટેકનોલોજી અને વિકાસના આ દશકામાં કોઈ પણ બાળકોને શિક્ષણથી વંચિત રાખી શકાય નહિં એમ મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

તેજસ્વી તારલાઓને સન્માનતા જિલ્લા સાંસદશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, પહેલાના સમયે શિક્ષણનું મહત્વ ન હોતું પરંતુ આજે આપણે જાગૃત થયા છીએ અને ભાવિ પેઢી સમા બાળકોને આવશ્યક શિક્ષણ મળી રહે તે માટેની સમજ કેળવાઈ છે. શાળાઓમાં ઓરડા કે અન્ય સુવિધાઓ ન હોતી રાજ્ય સરકાર દ્વારા છેલ્લા દાયકામાં શાળાઓમાં કમ્પ્યૂટર લેબ, પાણી, વીજળી, પુસ્તકાલય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્યભરમાં દોઢ લાખ જેટલા



શિક્ષકોની પારદર્શક પદ્ધતિથી ભરતી કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેમલતાબેન પટેલે પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું જિલ્લા પંચાયત દ્વારા સરસ્વતી યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને જનજાતિ સમાજના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ચાલુ સાલ વર્ષ-૨૦૧૨-૧૩માં ૬૬૫ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેનશ્રી રામજીભાઈ વણકરે મહાનુભાવોને સ્વાગત કરી આવકારતા સામાજીક ન્યાય સમિતિ દ્વારા કરાયેલા કામગીરીની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે ચાલુ સાલ દરમિયાન સરસ્વતી યોજના અંતર્ગત ૭૫ ટકાથી વધુ ગુણાંક મેળવનાર ધોરણ-૧૦ના ૩૫૮ અને ધોરણ-૧૨ના ૩૦૭ વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લા સમાહર્તાશ્રી શાહમીના હુસૈન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રવિકુમાર અરોરા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન, શિક્ષણ સમિતિના ચેરમેન સહિત જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, જિલ્લા સમાજ કલ્યાણ વિભાગના અધિકારી/કર્મચારી ગણ, વિદ્યાર્થીઓ અને વાલીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## ખેડબ્રહ્માથી બગદાણાની બસને પ્રારંભ

ખેડબ્રહ્મા ડેપો દ્વારા બગદાણાની બસનો શનિવારના રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો. બાપા સીતારામ ધામ બગદાણા માટે સીધી બસની માગણી સંતોષાતાં ખેડબ્રહ્મા તાલુકામાં આનંદ પ્રસરી જવા પામ્યો છે. ખેડબ્રહ્મા ડેપો દ્વારા ખેડબ્રહ્માથી બગદાણાની સીધી બસનો શુભારંભ શનિવારે એસ.ટી. નિગમના મેમ્બર કૌશલ્યા કુંવરબા તથા ખેડબ્રહ્મા તાલુકા ભાજપના પ્રમુખ ગુલાબસિંહ વાઘેલાએ લીલી ઝંડી આપી રવાના કરી હતી. ખેડબ્રહ્મા તાલુકાના બાપાસીતારામના ભક્તો દ્વારા બગદાણાની બસ શરૂ કરવા માગણી હતી જે એસ.ટી. નિગમના મેમ્બરોની સક્રિયતાથી શરૂ થતા લોકોમાં આનંદ છવાયો છે. આ પ્રસંગે ખેડબ્રહ્મા પાલિકાના પ્રમુખ વિનોદભાઈ પટેલ, ઉપ પ્રમુખ હિતેશભાઈ દિક્ષિત, કારોબારી ચેરમેન અરવિંદભાઈ ઠક્કર, વિજયભાઈ ચાવલા તથા ડેપો મેનેજર હાર્દિક સગર સહીત એસ.ટી.નો સ્ટાફ તથા નગરપાલિકાના સદસ્યો ઉપસ્થિત રહ્યો હતો. આ બસ ખેડબ્રહ્માથી સવારે ૯ વાગે ઉપડી અમદાવાદ-ધંધુકા-બરવાળા-વલભીપુર-ભાવનગર-તળાજા થઈ સાંજે ૬.૪૫ વાગે બગદાણા પહોંચશે. બાપાસીતારામના ધામ બગદાણાની બસ શરૂ થતાં લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧